| GJPM050012682025 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ | | |
| | રજી. તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ | | |
| | ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૯ | ૨૯ |

**********************************************************

**શહેરાના મ્હે. એડી. ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટની અદાલત સમક્ષ,**
**મુકામ:– શહેરા.**

**********************************************************

**ક્રિમીનલ કેસ નંબર :– ૯૩૭/૨૦૨૫**

**આંક :–**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : રેશમબેન
વા/ઓફ મંજીભાઈ ગોપાલભાઈ બારીઆ,
ઉ.વ.આ.: ૬૨,
રહે.: તાડવા ફાટક ફળીયુ,
તા. શહેરા,જી. પંચમહાલ.

**ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ)(એ) મુજબ.**

---------------------------------------------

**સરકાર પક્ષ તરફે :: વિ.એ.પી.પી. શ્રી કે.એન.પરમાર**
**બચાવ પક્ષ તરફે :: વિ.વ. શ્રી આર.વી.પગી**

---------------------------------------------

**||| ઠ રા વ |||**

(૧) આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૦/૦૩/૨૦૨૫ ના કલાક ૧૫/૧૦ વાગ્યે મોજે તાડવા ભુતીયા ફળીયામાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લિટર–૦૨ ની કુલ કિં.રૂા. ૪૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ ગે.કા.નો રાખી પોલીસની રેઈડ દરમ્યાન પોતાના ઘરે હાજર નહી મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ)(એ) મુજબ ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદરહુ ગુન્હાનુ ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીને અત્રેથી સમન્સની બજવણી બાદ તેઓ કોર્ટમાં રૂબરૂ હાજર થતા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૦૭/ બી.એન.એસ.એસ.ની કલમ– ૨૩૦ અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવતા તેઓએ ગુન્હા કબુલાત હકીકતનો ઈન્કાર કરતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ છે.

(૩) હાલનાં કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| | | |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ લક્ષ્મણભાઈ ઘુડાભાઈ બારીઆની જુબાની | ૦૬ |
| ૦૨ | ફરીયાદી કનુભાઈ કુંવરસિંહ બારીઆની જુબાની | ૦૮ |
| ૦૩ | ત.ક.અમલદાર બાબુભાઈ રયજીભાઈની જુબાની | ૨૦ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | અસલ પંચનામું | ૦૭ |
| ૦૨ | અસલ  ફરીયાદ | ૦૯ |

(૪) સદરહું કામે ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષના પુરાવા અંતે આરોપીનો ખુલાસો લેવો પડે તેવો પુરાવો ન હોય આરોપીનુ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩/ બી.એન.એસ.એસ.ની કલમ– ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ માંખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) હાલનાં કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતી, હકીકતો તથા પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયીક

નિર્ણય કરવાં માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: <u>મુદ્દા</u> :: –**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૦/૦૩/૨૦૨૫ ના કલાક ૧૫/૧૦ વાગ્યે મોજે તાડવા ભુતીયા ફળીયામાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લિટર–૦૨ ની કુલ કિં.રૂા. ૪૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ ગે.કા.નો રાખી પોલીસની રેઈડ દરમ્યાન પોતાના ઘરે હાજર નહી મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ)(એ) મુજબ સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ છે ?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં મારાં નિર્ણયો નિચે મુજબ છે.

**– :: <u>નિર્ણયો</u> :: –**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નંબર – ૧</u> :–**

(૮) **આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના સાહેદોને સોગંદ પર તપાસેલ છે.**

**(૮.૧)** આ કામે ફરીયાદ પક્ષ તરફથી પંચ સાહેદ લક્ષ્મણભાઈ ધુડાભાઈ બારીઆને આંક : ૦૬ થી તપાસવામાં આવેલા છે. આ

પંચ સાહેદ તેમનાં સોગંદ પરનાં પુરાવામાં તેઓએ માત્ર આંક : ૦૭ નાં પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ મહત્વની હકિકતને સર્મથન આપતો પુરાવો નહી આપતાં હોય અને પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાતની માહીતી નહીં હોવાનું જણાવતાં હોય તેથી તેઓની જુબાનીમાં રજુ થયેલ પંચનામુ પુરવાર થયેલાનું માની શકાય નહી.

(૮.૨) આ કામે ફરીયાદ પક્ષ તરફથી ફરીયાદી કનુભાઈ કુંવરસિંહ બારીઆને આંક : ૦૮ થી તપાસવામાં આવેલાં છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, ગત તા. ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ શહેરા પો.સ્ટે. વિસ્તારમાં તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે બાહી ઓપી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે તાડવા ગામે ભુતીયા ફળીયામાં રહેતા રેશમબેન મંજીભાઈ બારીઆ પોતાના રહેણાંક મકાનમાં દેશી દારૂનુ વેચાણ કરે તે બાતમીના આધારે બાતમી વાળી જગ્યાએ પંચો સાથે રેડ કરતા આરોપીના ઘરેથી દેશી દારૂ લિટર-ર કે જેની બજાર કિં.રૂા. ૪૦૦/- મળી આવતા બનાવ સંબંધે પી.એસ.ઓ. રૂબરૂ તેઓએ ફરીયાદ આપેલ. તેઓને ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે જે આ કામે આંક-૦૯ થી રજુ કરેલ છે. આરોપીને જોયેથી ઓળખતા હોવાનુ જણાવેલ છે.

તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યા એ વસ્તી વાળો વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, તેઓ ફરજ પર હતા

તે લગત કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, રહેણાંકના મકાનના કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી.

(૮.૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી ત.ક.અમલદાર બાબુભાઈ રયજીભાઈને આંક : ૨૦ થી તપાસવામાં આવેલાં છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, તા. ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ તેઓ શહેરા પો.સ્ટેશને ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી કનુભાઈ કુંવરસિંહ બારીઆ, અ.પો.કો.એ પ્રોહી. ગુના રજી. નં. ૨૧૦/૨૫, પ્રોહી. કલમ– ૬૫(એ)(એ) મુજબની ફરીયાદ તેઓની તરફ મોકલતા ફરીયાદ રજીસ્ટર્ડ કરેલ તેની તેઓએ તપાસ સંભાળેલી, લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા, પંચનામા કરેલ તેમજ આરોપીને અટક કરેલ. પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ચાર્ઝશીટ કરેલ. આરોપી કોર્ટમાં હાજર હોવાનુ જણાવેલ છે. આ કામના ફરીયાદી કનુભાઈ કુંવરસિંહ બારીઆ, અ.પો.કો. નાએ સદરહું ફરીયાદ લીધેલ, તે સમયે તેઓ ફરીયાદી સાથે નોકરી કરતા હતા. તેઓને ફરીયાદ બતાવતા તેમાં ફરીયાદીની સહી ઓળખી બતાવેલ છે.

તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, ગુના વાળી જગ્યાની માલિકી અંગેનો કોઈ દ.પુરાવો આ કામે રજુ નથી. એ વાત ખરી છે કે, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, સ્ટેશન ડાયરીની નોંધ આ કામે રજુ કરેલ નથી.

(૯) ફરીયાદ પક્ષના મહત્વના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય વધુ કોઈ સાહેદ તપાસવામા આવેલ નથી. ફરીયાદીના પુરાવાને પંચસાહેદો સમર્થન કરતા નથી. ફરીયાદ

પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો તપાસ દરમ્યાન મેળવેલ નથી જેથી ફરીયાદ પક્ષે પ્રોહી. મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ હોય તેવુ ચોકકસપણે પુરવાર થતુ નથી.

(૧૦) વધુમાં પ્રોહીબીશનનાં કાયદાની ચોકકસ અમલવારી માટે તેમજ પંચ સાહેદો બાબત અને જયારે આવો કોઈ પ્રોહીબીશન સંબંધેનો મુદ્દામાલ મળી આવે ત્યારે સેમ્પલ મેળવવાની કાર્યવાહી બાબતમાં અલાયદાં નિયમો ઘડવામાં આવેલ છે પરંતુ ત.ક.અધિ.શ્રીએ તે અન્વયે કાર્યવાહી કરેલ નથી તેમ જણાય છે અને બનાવનાં સંજોગો તથા જે રીતે પ્રોહીબીશનનો મુદ્દામાલ મળી આવેલાનું અને આરોપી પક્ષની સંડોવણી હોવાનું રજુ થયેલ છે તે અન્વયે પ્રોહીબીશનનાં કાયદાની ચોકકસ અમલવારી સંબંધે ઘડવામાં આવેલ નિયમોને આધીન રહી સેમ્પલ વિગેર માટેની કાર્યવાહી થયેલ નથી તે સંજોગોમાં અને ઉપરોકત વિગતોએ સ્વતંત્ર સાહેદો થકી ફરીયાદ પક્ષનાં કેસની હકિકતોને નિ:શંકપણે સ્વીકારી શકાય તેવો સચોટ પુરાવો રેકર્ડે રજુ થયેલ ન હોય મુદા નંબર : ૦૧ નો નિર્ણય આથી નકારમાં ઠરાવી મુદા નંબર : ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::: <u>આખરી હુકમ</u> :::–**

(૧) આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧)/ બી.એન.એસ.એસ.ની કલમ : ૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ (એ)(એ) અન્વયે સજાને પાત્ર

ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭ (એ)/ બી.એન.એસ.એસ.ની કલમ : ૨૭૧(૧) અન્વયે આરોપીના જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ: ૧૭/૦૬/૨૦૨૬** **(બી.એચ.ઓડેદરા)**

**સ્થળ: શહેરા** એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, શહેરા.

**કોડ નં.–જી.જે.૦૦૮૦૪**